
સુરત જિલાનો ભૂગોળ શિક્ષક.



છગનલાલ મોતીરામ શાહ.

'સુખમંજુલ શિક્ષક'ના કર્તા — શાહપોર-સુરત.

ગુજરાત શાળાપત્રમાં આપેલી સૂચનાને

— અનુસરી રચેલો —

સુરત જિલ્લાનો

"ભૂગોળ શિક્ષક"

— રચનાર —

છગનલાલ મોતીરામ શાહ.

"મૂળગણિત શિક્ષક' '[illegible]શન શિક્ષક" વગેરેના કર્તા.

ઠેકાણું—શાહપોર-સુરત.

પ્રસિદ્ધ કર્તા—છગનલાલ મોતીરામ શાહ.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર-સુરત.

આવૃત્તિ ત્રીજી ૧,૧૦૦ પ્રત.

સુરત ચકલાના પુલપર ટાંકી પાસે આવેલા 'શંકર' પ્રિન્ટિંગ પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપ્યો

જુલાઈ] [સને ૧૯૨૧

કિંમત રૂ ૦-૩-૦.

બીજા [illegible] માટે અદ્યાપિ બહાર ન પડેલી એવી

ગુજરાતની સામાન્ય ભુગોળની —

પ્રશ્નોત્તરમાળા ત્રણ આના.

— ગુજરાત શાળાપત્રમાં આવેલી સુચનાને અનુસરી રચેલો —

સુરત શહેર તથા ચોર્યાસી તાલુકાનો

ભૂગોળ શિક્ષક" ત્રણ આના.

સુરત જીલ્લાનો નકશો ચાર આના.-

નાના બાળકો માટે "ડિકટેશન શિક્ષક" ત્રણ આના.

શિક્ષકો, વિદ્યાર્થીઓ ને વાલીઓને અતિ ઉપયોગી

—બાળવર્ગથી પાંચમા ધોરણ સુધીના દરેક ધોરણ માટે—

"મુખગણિત શિક્ષક" તૈયાર છે.

"ડિકટેશન શિક્ષક"

બાળપોથીનો	રૂ. ૦-૨-૦
પહેલી ચોપડીનો	રૂ. ૦-૨-૦
બીજી ચોપડીનો	રૂ. ૦-૨-૬
ત્રીજી ચોપડીનો	રૂ. ૦-૩-૦
ચોથી ચોપડીનો	રૂ. ૦-૪-૦
પાંચમી ચોપડીનો	રૂ. ૦-૪-૦

છગનલાલ મોતીરામ શાહ. શાહપોર, સુરત.

મહેરબાન જામનગર એજ્યુકેશનલ ઇન્સ્પેકટર સાહેબની ઓફિસના એ૦ જા૦ નં ૪૪૬ તા. ૨૧–૭–૧૯૧૯ના પત્રમાં જણાવવામાં આવ્યું છે, કે

"અંકગણિતનાં મનોયત્ન"

આ સ્ટેટની સ્કુલોમાં બીજા ધોરણમાં ટેકસ્ટ બુક તરીકે મંજુર કરવામાં આવેલ છે.



મહેરબાન કાઠિઆવાડના એજ'ટ ટુ ધ ગવર્નર સાહેબ બહાદુરે પોતાના હુકમ નં. ૭૯ ના ૨ ૮ ૧૯થી

"અંકગણિતનાં મનોયત્ન."

કાઠિઆવાડ એજન્સિની તમામ પ્રાયમરી સ્કુલોમાં ઇનામ અને લાયબ્રેરી તરીકે મંજુર કર્યાં છે.

"ડિકટેશન શિક્ષક"માં શું શું છે?

૧] પાઠવાર અઘરા શબ્દો.
૨] જોડણીના એકજ સરખા નિયમવાળા શબ્દો.
૩] કઠિન મળતા શબ્દોની તારવણી.
૪] જોડાક્ષર. ૫] મળતા જોડાક્ષર.
૬] પરીક્ષાના ડિક્ટેશનમાં આવનાર શબ્દો.

પ્રસ્તાવના.

ગુજરાતી પ્રાથમિક શાળાના ત્રીજા ધોરણમાં "જિલ્લા અથવા એજન્સિની ભૂતળ અને રાજકીય ભૂગોળ, ઉદ્યોગો સ્થળો વચ્ચેનાં વ્યાપારનાં સાધનો વગેરે સાથે ગુજરાતની સામાન્ય ભૂગોળ, શીખવવાનું સરકારી કેળવણી ખાતાએ ઠરાવ્યું છે." તે મુજબ આ બુકમાં નમુના રૂપે સુરત જિલ્લો અને સુરત એજન્સિની પસંદગી કરવામાં આવી છે. જિલ્લાની ભૂતળ અને રાજકીય ભૂગોળની સાથે ઔદ્યોગિક ભૂગોળ, સ્થળો વચ્ચેનાં વ્યાપારનાં સાધનોનું આ બુકમાં માર્ગદર્શક વિવેચન કરવામાં આવ્યું છે, જેથી મને ખાતરી છે, કે ભૂગોળના શિક્ષણમાં બાળકો પર પડતો ગોખણનો નીરસ અને નિષ્ફળ બોજો દૂર થઇ તેમની કલ્પનાશક્તિ કેળવાશે, તેમજ કાર્યકારણનો સબંધ જાણી તે ઉપરથી યોગ્ય અનુમાનો તારવવાની શક્તિ કેળવાશે. જેથી આગળ જતાં બીજા દેશો અને ખંડોની ભૂગોળનું શિક્ષણ ગ્રહણ કરવામાં સુગમતા કરવાનું બાળકોને અનુકુળ થઇ પડશે અને તેથી તેઓ આ વિષયના શિક્ષણમાં રસ લેતા થશે. એજ.

તા ૧૫-૬-૧૫

લિ૦ સેવક,

રાંદેર. } છગનલાલ મોતીરામ શાહ.
સુરત. } "સુ[illegible] શિક્ષક" ના કર્તા.

સુરત જિલ્લાનો નકશો ચાર આના.

ગુજરાતની સામાન્ય ભૂગોળની પ્રશ્નોત્તરમાળા બે આના.

સુરત જિલ્લાનો "ભૂગોળ શિક્ષક"

સામાન્ય વર્ણન.

છોકરાંઓ ત્રીજા ધોરણમાં પોતાના તાલુકાની ભૂગોળ શીખી ગયાં છે. નજીકના બધા મળી આઠ તાલુકા છે. **ચોર્યાસી તાલુકાની** ઉત્તરમાં જઈએ તો ઓલપાડ તાલુકો આવે. ઓલપાડ તાલુકાની પૂર્વમાં ગાયકવાડનું કામરેજ આવેલું છે. તે કામરેજની પૂર્વમાં જઈએ તો **માંડવી તાલુકો** આવે. માંડવી તાલુકાની દક્ષિણમાં **બારડોલી તાલુકો** આવેલો છે. બારડોલીની દક્ષિણમાં ગાયકવાડનું રાજ્ય આવેલું છે. તે મૂકીને દક્ષિણમાં જઈએ તો **જલાલપોર તાલુકો** આવે. જલાલપોર તાલુકાની દક્ષિણમાં **વલસાડ** અને **ચીખલી તાલુકા** આવેલા છે. વલસાડ તાલુકાની દક્ષિણમાં **પારડી તાલુકો** આવેલો છે. ચોર્યાસી તાલુકાના ઉપરી જેમ મામલતદાર છે, તેમ આ બધા તાલુકાના ઉપરી પણ મામલતદારો છે. એ બધા મામલતદારોના ઉપરી કલેક્ટર સાહેબ છે. તે સુરતમાં રહે છે.

આ આઠ તાલુકા ઉપરાંત તેમની પડોશમાં દેશી રાજ્યો આવેલાં છે. ચીખલી તાલુકાની પૂર્વમાં **વાંસદાનું સંસ્થાન** છે અને વલસાડ તાલુકાની પૂર્વમાં **ધરમપુરનું રાજ્ય** આવેલું છે. વાંસદા સંસ્થાનની પૂર્વમાં **ડાંગનું રાજ્ય** આવેલું છે, અને ચોર્યાસી તાલુકામાં **સચીનનું રાજ્ય** આવેલું છે. એમ ચાર નાનાં દેશી રાજ્યોના ઉપર દેખરેખ રાખવાને સરકાર તરફથી એક *પોલિટિકલ એજંટ રહે છે, તેમના

* દેશી રાજ્યોપર દેખરેખ રાખનાર સરકાર તરફનો અમલદાર.

તાબાના મુલકને સુરત એજન્સિ ÷ કહે છે. આ એજન્સિના પોલિટિકલ એજન્ટ સુરત જિલ્લાના કલેકટર સાહેબ છે.

કલેક્ટર સાહેબના તાબાના મુલકને ×"જિલ્લો" કહે છે. આ જિલ્લાનું નામ સુરત શહેરપરથી સુરત જિલ્લો પડ્યું છે.

ચોર્યાસી તાલુકાની દક્ષિણ અને પૂર્વમાં, ઓરપાડ તાલુકાની પૂર્વમાં, માડવી અને બારડોલી તાલુકાના પૂર્વમાં અને ચીખલી તાલુકાના વાયવ્ય કોણમાં ગાયકવાડી રાજ્ય આવેલું છે. પણ તે સુરત જિલ્લાના કલેક્ટર સાહેબને તાબે નથી.

(૧) ઇતિહાસ -ઉત્તરે કીમ નદીથી દક્ષિણે દમણગંગા નદી, અને પશ્ચિમે અરબી સમુદ્રથી પૂર્વે રાજપીપળા, ખાનદેશ, વાસદા ને ધરમપુર સુધીનો મુલક સુરત અઠ્ઠાવીસી નામે પ્રસિદ્ધ હતો. એમાંનો આશરે અડધો ભાગ સુરત શહેર પરથી સુરત જિલ્લો કહેવાય છે.

સુરત જિલ્લો ગુજરાતના દક્ષિણમાં કીમ અને દમણગંગા નદીની વચ્ચે આવેલો છે, કીમ નદી ભરૂચ જિલ્લાથી અને દમણગંગા નદી થાણા જિલ્લાથી એને જુદો પાડે છે.

(૨) સીમાઃ—ઉત્તરે-કીમ નદી ને તેની પેલી મેર ભરૂચ જિલ્લો તથા ગાયકવાડનો મુલકઃ પૂર્વે-રાજપીપળા, ગાયકવાડ, વાંસદા અને ધરમપુરનાં દેશી રજ્યો; દક્ષિણે-દમણગંગા નદી, દમણ ને થાણા જિલ્લો, પશ્ચિમે-અરબી સમુદ્ર.

(૩) વિસ્તારઃ—ચોર્યાસી તાલુકાથી લગભગ સોળગણો છે, એટલે

+ નાનાં દેશી રાજ્યનો જથો, ×ઘણા તાલુકા મળીને કલેક્ટરના તાબાનો મુલક.

એનું ક્ષેત્રફળ ૧૬૫૩ ચોરસ માઇલ છે. ઉત્તર દક્ષિણ લંબાઇ ૮૦ માઇલ છે, અને પૂર્વ પશ્ચિમ પહોળાઇ ઉત્તરમાં ૬૦ માઇલ અને દક્ષિણમાં ૧૫ માઇલ છે.

(૪) **ભાગ:**—સુરત જિલ્લો ત્રણ કકડે વહેંચાયલો છે. ૧) ચોર્યાસી ને ઓરપાડ તાલુકા. ૨) માંડવી ને બારડોલી તાલુકા. ૩) જલાલપોર, ચીખલી, વલસાડ ને પારડી તાલુકા.

(૫) **ઉંચાણ:**—સુરત જિલ્લાની નદીઓનો ઢાળ પૂર્વથી પશ્ચિમનો છે. તેથી માંડવી, બારડોલી, ચીખલી તાલુકાની જમીન દરીઆ કિનારે આવેલા ઓરપાડ, ચોર્યાસી, જલાલપોર, વલસાડ અને પારડી તાલુકા કરતાં ઉંચી છે.

(૬) **ડુંગરા:**—પારનેરા ને ×ડુંગરી.

ખનીજ:—નદીઓના મુખ આગળથી રેતી, કાંકરા, ડુંગરમાંથી સડક બાંધવાના પથરા અને માંડવી તાલુકામાં અકીકના પત્થર નીકળે છે. વલસાડ પાસે મરામણમાં મીઠું પાકે છે.

(૭) **નદીઓ:**—સુરત જિલ્લાની બધી નદીઓ પૂર્વથી પશ્ચિમમાં વહે છે, તેથીજ સુરત જિલ્લાનો ઢાળ પૂર્વથી પશ્ચિમનો છે.

(૧) **તાપી:**—(+૪૫૦) સતપુડા પર્વતમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એનાપર માંડવી, કઠોદ, બલુધાન, ફુલપાડા, અમરોલી રાંદેર, સુરત ને ઉમરા છે.

×જમીન વધીને ઉંચી થઇ હોય તેને ટેકરો કહે છે, ઉંચા ટેકરા ને ડુંગરી કહે છે અને મોટી ડુંગરીને ડુંગર કહે છે. ×સાત નાના ડુંગરો પરથી એ નામ પડયું.

+ નદીની જમણી તરફના આંકડા નદીની લંબાઇના છે. તે નદીઓની સરખામણી કરવા આપેલા છે. ગોખાવવાના નથી.

(૨) મિંઢોળા:—(૪૦) ખાનદેશ અને સુરત જિલ્લાની વચ્ચેના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એનાપર બારડોલી, બાજીપાર ને ઉંબેર છે.

(૩) પૂર્ણા:—(૮૦) ડાંગના જંગલના પૂર્વ ભાગમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એનાપર ખુડારી, નવસારી ને જલાલપોર છે.

(૪) અંબિકા:—(૪૦) ડાંગના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એનાપર ઉનાઈ, મટવાડ, કછોલી ને બીલીમોરા છે.

(૫) ઔરંગા:—(૧૨) ધરમપુરના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એનાપર વલસાડ ને કોસંબા છે.

(૬) પાર:—(૨૦) પૂર્વના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એનાપર પારડી, તરીઓ, મગોદ ને ઉમરસાડી છે.

(૭) કોલક:—(૧૫) પૂર્વના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એનાપર ડુંભવાડા, બગવાડા ને કોલક છે.

(૮) દમણગંગા:—(૧૫) પૂર્વના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એનાપર દમણ છે.

(૯) કીમ:—(૫૦) રાજપીપળાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. એનાપર ઈલાવ, કોસંબા, એ બંને ગાયકવાડી છે.

(૧૦) કાવેરી:—(૧૮) વાસદાના ડુંગરમાંથી નીકળી અંબિકાને મળે છે. એનાપર દેલુણ, ચીખલી ને વાઘરેચ છે.

(૧૧) ખરેરા:—ધરમપુરના ડુંગરમાંથી નીકળી અંબિકાને મળે છે.

---

(૮) ખાડીઓ:—સેના, કણૂઈ, કોથલ ને પરિઆળી.

(૯) જંગલો:—માંડવી તાલુકાનું તથા વાંસદા ને ધરમપુરના રાજ્યોનું એમાં વાઘ થાય છે. ટીક માંડવીના જંગલમાંજ થાય છે.

(૧૦) વરસાદ:—૩૮થી૮૦ ઈંચ, વલસાડ, વાંસદા ને ધરમપોરના રાજ્યોમાં ૮૦ ઇંચ અને પારડી તાલુકામાં ૧૦૦ ઈંચ વરસાદ પડે છે. દરીઆ કિનારે જેટલો વરસાદ પડે છે તેટલો જ્યાં જ્યાં જંગલો છે ત્યાં પણ પડે છે.

(૧૧) આબોહવા:—સુરત જિલ્લો+ઉષ્ણકટિબંધમાં આવેલો છે. જ્યાં દરીઆ કિનારાના તાલુકામાં અંદરના તાલુકા કરતાં તાપ ઓછો પડે છે. પૂર્વ તરફના તાલુકામાં શિઆળામાં ટાઢ અને ઉનાળામાં તાપ વધારે પડે છે. માંડવી તાલુકામાં અને પારડી તાલુકાની પૂર્વમાં જંગલો હોવાથી એ બે તાલુકાનાં હવાપાણી સારાં નથી

(૧૨) વનસ્પતિ—ખજુરાં તાડ, આંબા, આંબલી, વડ, લીમડા, પીપળા, જાંબુડા, બાવળ, અનનાસ અને ફણસનાં ઝાડો. જંગલની પેદાસમાં સાગ, સીસમ, ખેર અને વાસ થાય છે.

ખજુરાં ને તાડમાંથી તાડી નીકળે છે. જેટલી તાડી આ જિલ્લામાં વપરાય છે તેટલી હિંદુસ્તાનમાં કોઈ ઠેકાણે વપરાતી નથી.

(૧૩) જનાવરો:—બળદ, ગાય, ભેંસ, ઘોડા બકરાં, ઘેટાં અને ગધેડાં. જંગલી જનાવરોમાં વાઘ, દીપડા, રીંછ, તરસ, શિઆળ, લોકડી, સાબર. હરણ ને રોઝ છે. સઘળી નદીઓમાં માછલાં થાય છે. કોલક નદીના માછલાં વખણાય છે.

(૧૪) વસ્તી:—૬,૭૩,૦૦૦ માણસની છે, એટલે ચોર્યાસી તાલુકાથી ૪ ગણી છે. હિંદુની ૮૬ ટકા, મુસલમાનની ૮ ટકા, પારસીની ૨ ટકા એટલે ૧૨,૧૫૦, જૈનની ૨ ટકા એટલે ૧૧,૧૮૫ એ સિવાય

+ ઉષ્ણકટિબંધમાં સૂર્યનાં કિરણ સીધા પડે છે, તેથી તાપ વધારે પડે છે.

ક્રિસ્તી, કોળી, દૂબળા, ગોમતા, ચોધરા ને નાયકડા વગેરેની છે.

(૧૫) ધર્મ:—હિંદુ લોકો હિંદુધર્મ પાળે છે, તેમાં મુખ્ય શૈવ વૈષ્ણવ, સ્વામીનારાયણ ને કબીરપંથ છે.

મુસલમાનો મુસલમાની ધર્મ પાળે છે. અને હજરત પેગંબર સાહેબને માને છે. એમા શીઆ અને સુન્ની એવા બે પંથ છે.

પારસીઓ જરતોસ્તી ધર્મ પાળે છે, અને અગ્નિને પૂજે છે.

અંગ્રેજ તથા દેશી ખ્રિસ્તી ખ્રિસ્તી ધર્મ પાળે છે, અને ઇસુ ખ્રિસ્તને માને છે

શ્રાવક લોકો જૈનધર્મ માને છે, ને તીર્થંકરને પૂજે છે. એમા શ્વેતાંબર ને દિગંબર એવા બે પંથ છે.

(૧૬) ભાષા:—હિંદુ અને પારસીઓ ગુજરાતી; મુસલમાનો ઉર્દુ; અને અંગ્રેજ લોકો અંગ્રેજી બોલી બોલે છે

(૧૭) ધંધો:—મુખ્ય ધંધો ખેતીનો છે. કેટલાક વેપાર ને કારીગરી કરે છે. કેટલાક મજુરી ને નોકરી કરે છે.

(૧૮) હુન્નર:—રેશમનો ને ખરો ખોટો કસબ વણવાનો; લાકડા, સુખડ અને હાથીદાંત પર કોતરકામનો; કાપડ વણવાનો; હીંગળોક ને રસકપૂર બનાવવાનો

(૧૯) જમીન:—કાળી, ગોરાટ અને + બેસર એ ત્રણ જાતની છે. કાળી જમીનમા કપાસ, ડાંગર ને જુવાર સારી થાય છે. જમીન બહુ રસાળ છે થોડી મહેનતે ઘણો પાક થાય છે, તેથી લોકો શરીરે મજબુત નથી, પણ દરીઆ પને હોવાથી સાહસિક છે.

(૨૦) ખેતીની પેદાશ:—ડાંગર, જુવાર, કપાસ, કોદરા, નાગલી,

+ કાળી ને ગોરાટના ગુણવાળી.

કઠોળ, શેરડી ને ફળો. ડાંગર—બારડોલી, જલાલપોર, ચીખલી ને વલસાડમાં. જુવાર—ચોર્યાસી, ઓરપાડ, માંડવી, બારડોલી ને જલાલપોરમાં. કપાસ—ઓરપાડ, માંડવી, બારડોલી ને જલાલપોરમાં. કોદરા ને નાગલી—માંડવી, ચીખલી, વલસાડ ને પારડીમાં. શેરડી—વલસાડ, બારડોલી, જલાલપોર, ચીખલી ને પારડીમાં. ઘઉં—ઓરપાડમાં.

(૨૧) +નિકાસ.—રૂ, અનાજ, તુવેરની દાળ, મહુડાં, ગોળ, સાગ, વાંસ, રીન, રેશમી કાપડ, લુંગી ને કીનખાબ.

(૨૨) ×આયાત:—નાળિએર, દોરડાં, સોપારી, પત્થર, લોઢાનો સામાન, ફર્નીચર, કાચ દારૂ, કોયલા, ખાંડ અને વિલાયતી કાપડ.

(૨૩) રસ્તા:—૧) રેલવે માર્ગ. ૨) પાકી ને કાચી સડકનો માર્ગ. ૩) દરીઆ કે નદીનો માર્ગ. રેલવે—૧) બોમ્બે, બરોડા એન્ડ સેન્ટ્રલ ઇંડિઆ રેલવે (બી બી એન્ડ સી. આઇ. રેલવે) ૨) તાપ્તી વેલી રેલવે. ૩) બીલીમોરા, કાલા આંબા રેલવે

બોમ્બે, બરોડા એન્ડ સેન્ટ્રલ ઇંડિઆ રેલવેના ઉત્તરથી દક્ષિણના સ્ટેશનો—કીમ, સાયણ, ઉતરાણ, સુરત, ઉધના, સચીન, મરોલી, નવસારી, વેડછા, અમલસાડ, બીલીમોરા, ડુંગરી, વલસાડ, પારડી, ઉદવાડા, દમણ.

તાપ્તીવેલી રેલવેના પશ્ચિમથી પૂર્વના સ્ટેશનો—ઉધના, ચલથાણ, ગંગાધરા, બારડોલી, ટીંબરવા, મઢી.

બીલીમોરા કાલાઆંબા રેલવેના પશ્ચિમથી પૂર્વના સ્ટેશનો—બીલીમોરા, ગણદેવી, કાલવચ, ચીખલી, રાનકુવા, ધોળીકુવા, અનાવલ ને ઉનાઈ.

---

*નકશાનો ઉપયોગ કરવો. +બહારગામ જતો માલ. ×બહારગામથી આવતો માલ.

+જંક્શન—[illegible]ના, બીલીમોરા.

બાકી સાંકડી સુરતથી [illegible] જવાની, સુરતથી દાડી ગુણીઆ [illegible] જવાની, કીમથી તડકેશ્વર થઇ માંડવી જવાની માંડવીથી [illegible] જવાની, બીલીમોરાથી ચીખલી થઇ માંડવી જવાની, વલસાડથી [illegible] જવાની

+બંદરો—[illegible] નવસારી, બીલીમોરા, વલસાડ, ઉમરસાડી, કોસંબા [illegible] બીલીમોરા ને વલસાડ મુખ્ય છે

(૨૪) જાત્રાનાં ઠેકાણાં—હિંદુનાં—ફુલપાડા, ઉમરા, બામણોર મોરા, કુંતા, [illegible], ને સંજાણ પારસીનું—ઉદવાડા.

(૨૫) હવાખાવાની જગ્યા ડુમસ, બામરોલી ને તીથલ

(૨૬) પ્રખ્યાત સ્થળો:— સુરત રાંદેર સચીન, ડુમસ, બામરોલી, ઓરપાડ, [illegible] હજીરા, [illegible], સરસ [illegible] તડકેશ્વર, બહુધાન, બારડોલી [illegible], [illegible] [illegible], નવસારી, બીલીમોરા, અમલસાડ, સીસોદ્રા ચીખલી, ધરમપુર, વલસાડ, તીથલ, પારડી, બામણા, બગવાડા, [illegible] ઉદવાડા, કોલક, ઉમરગામ, [illegible], વાંસદા, ને ધરમપુર

જિલ્લામાંનાં મુખ્ય ખાતાં, અધિકારીઓ અને તેમનાં કામકાજ

(૨૭) રાજનીતિ:—જિલ્લાનો અમલ સરકારે રાજ્ય વહીવટ બજાવવા માટે મુખ્ય જુદાં જુદાં ખાતાં સ્થાપ્યાં છે,

---

+ જ્યાં આગગાડીના રસ્તા મળે છે તે + નદી કે દરીઆ કાંઠે આવેલું ગામ કે જ્યાંથી ઘણો માલ વહાણ મારફતે આવ જા કરતો હોય તે, [illegible] વિશેષ હકીકત [illegible] વિભાગોમાં જુઓ.

અને તેના અધિકારીઓ નીમ્યા છે.

(૨) મહેસુલી ખાતું:—જિલ્લાનો કારભાર કરનાર મુખ્ય અમલદાર કલેક્ટર સાહેબ છે એમને મદદ કરવાને આસિસ્ટંટ કલેક્ટરો, ડેપ્યુટી કલેક્ટરો, એક ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કલેક્ટર અને એક હજુર ડેપ્યુટી કલેક્ટર હોય છે દરેક તાલુકામાં તેમને મદદ કરવાને મામલતદારો રાખેલા હોય છે. એ બધા અમલદારો જમીનનું મહેસુલ ઉઘરાવે છે, અને ફોજદારી નાના ગુનાઓના ઇન્સાફ કરે છે જ્યારે ફોજદારી ગુનાનો ઇન્સાફ કરે છે ત્યારે તેઓ માજિસ્ટ્રેટ કહેવાય છે

(૨) ન્યાય ખાતું:—લેણદેણ સબંધી તથા મોટા ફોજદારી ગુના જેવા કે ચોરી, ખુન, લુટફાટ વગેરેનો ઇન્સાફ કરવાને જિલ્લામાં ન્યાયખાતાના મુખ્ય અમલદાર ડિસ્ટ્રિક્ટ જડજ સેશન્સ જડજ હોય છે એમના હાથ નીચે મુન્સફો હોય છે સુરતમાં એક સેશન્સ જડજ—ડિસ્ટ્રિક્ટ જડજ, ત્રણ મુન્સફ અને ઓરપાડ ને વનમાળામાં એકેક મુન્સફ છે.

(૩) પોલીસ ખાતું:—ગુના થતા અટકાવવાનું તથા ગુનેગારોને પકડી તેઓને ઇન્સાફ કરાવવા માજિસ્ટ્રેટ આગળ રજુ કરવાનું કામ જિલ્લાના મુખ્ય અમલદાર પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટનુ છે. એમને મદદ કરવા ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડન્ટ, પોલીસ ઇન્સ્પેક્ટરો અને સબ ઇન્સ્પેક્ટરો અને છુપી પોલીસના ઇન્સ્પેક્ટર હોય છે.

(૪) બાંધકામ ખાતું:—સરકારી મકાનો, પૂલો વગેરે બાંધવાનું તથા સમરાવવાનું કામ કરનાર જિલ્લામાં બાંધકામ ખાતા મુખ્ય અમલદાર એક્ઝિક્યુટિવ એન્જીનીઅર છે. એમની મદદમાં ઓવરસિઅરો હોય છે.

(૫) દવાખાતું:—સરકારી નોકરો તથા ગરીબોની દવા કરવા માટે જિલ્લાના મુખ્ય શહેરમાં એક મોટી હોસ્પિટાલ હોય છે તેના

ઉપરી સિવિલ સર્જન છે. એમના હાથ નીચે આસિસ્ટંટ સર્જન અને હોસ્પિતાલ આસિસ્ટંટો રાખેલા હોય છે. સુરતમાં બે, રાંદેર, ઓલપાડ, માંડવી, બારડોલી, કાલીઆબાડી, ચીખલી, બેરગામ, વલસાડ ને પારડીમાં એક હોસ્પિતાલ છે.

(૬) કેળવણી ખાતું:—જિલ્લાની પ્રજાની કેળવણી પર દેખરેખ રાખવાને ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર હોય છે અને એમના તાબામાં દરેક તાલુકામાં આસિસ્ટંટ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર હોય છે. એ સઘળાઓ નિશાળોની પરીક્ષા લે છે, દેખરેખ રાખે છે.

(૭) પોસ્ટખાતું:—સરકારી તથા ખાનગી કાગળો વગેરે લાવવા લઇ જવા માટે દરેક મોટા ગામેમાં પોસ્ટઓફિસો હોય છે. જિલ્લાના મુખ્ય શહેરમા મોટી પોસ્ટઓફિસ હોય છે, તેના ઉપરી હેડ પોસ્ટ માસ્તર છે.

(૮) આબકારી ખાતું.—કેફી ચીજો સરકારની પરવાનગી વગર રાખનાર અથવા વેચનારને પકડી શિક્ષાને માટે માજિસ્ટ્રેટને સોંપવાનું કામ કરે છે એ ખાતાના જિલ્લામાં મુખ્ય અમલદાર આબકારી ઇન્સ્પેક્ટર છે.

(૯) કસ્ટમ ખાતું:—જળમાર્ગે આવતી ચીજો પર જકાત લેવાનું કામ કરે છે. એ ખાતાના જિલ્લામાં મુખ્ય અમલદાર કસ્ટમ કલેક્ટર છે

(૧૦) જંગલ ખાતું:—જંગલો પર દેખરેખ રાખવાનું કામ કરે છે. એ ખાતાના જિલ્લામાં મુખ્ય અમલદાર ફોરેસ્ટ ઓફિસર છે.

(૧૧) મ્યુનિસિપાલ ખાતું—શહેર તથા કસ્બાઓને સાફ

રાખવાનું, પાણી પુરું પાડવાનું, પ્રાથમિક કેળવણી આપવાનું, સડકો પર પાણી છાંટવાનું, અને રાતે દીવા કરવાનું વગેરે કામ કરે છે. એના ઉપરી પ્રેસિડંટ છે તેમને મદદ કરવાને મ્યુનિસિપલ ચીફ-ઓફિસર, સેક્રેટરી વગેરે હોય છે. સુરત, રાંદેર, ને વલસાડમાં મ્યુનિસિપાલીટી છે.

ઉપર સિવાય જિલ્લામાં તાર ખાતું, રેલવે ખાતું, મીઠા ખાતું વગેરે ખાતાં હોય છે, અને તે દરેક ખાતાના ઉપરી અમલદારો જુદા જુદા હોય છે.

(૨૮) રાજકીય વિભાગો:—સુરત જિલ્લાના આઠ તાલુકા પાડેલા છે તેનાં નામ નીચે પ્રમાણે છે—

(૧) ચોર્યાસી. (૨) ઓરપાડ. (૩) માંડવી. (૪) બારડોલી. (૫) જલાલપોર. (૬) ચીખલી. (૭) વલસાડ. (૮) પારડી.

*ચોર્યાસી તાલુકો.

આ તાલુકામાં ચોર્યાસી ગામ હતાં તેથી એ નામ પડયું છે.

સીમા:—ઉત્તરે ઓરપાડ તાલુકો ને તાપી નદી; પૂર્વે-ગાયકવાડનું રાજ્ય; દક્ષિણે-ગાયકવાડનું રાજ્ય ને મિંઢોળા નદી; પશ્ચિમે-અરબી સમુદ્ર તથા ઓરપાડ તાલુકો છે.

નદી:—તાપી ને મિંઢોળા. **વસ્તી**×:-૧,૬૫,૦૦૦ માણસની છે. સુરત શહેરની વસ્તી બાદ કરતાં તાલુકાની વસ્તી ૫૦,૦૦૦ માણસની છે.

* વિશેષ હકીકત સુરત શહેર તથા ચોર્યાસી તાલુકાના "ભૂગોળ શિક્ષક" જેની કિંમત ત્રણ આના છે. તેમાં જુઓ.

× વસ્તિના આંકડા ગોખાવવાના નથી. પોતાના તાલુકા કરતાં વસ્તી વધારે છે કે ઓછી તે જાણવા માટે છે.

મુખ્ય ગામો:—+સુરત (૧,૧૯,૮૦૦) તાપી નદીના ડાબા કાંઠા પર જિલ્લાનું મુખ્ય શહેર ને બંદર છે. બરફી, પાપડી, જમણુ કીનખાબ, હાથીદાંત ને સુખડના કોતરકામને માટે પ્રખ્યાત છે. **રાંદેર**—(૧૦,૫૦૦) તાપી નદીના જમણા કાંઠાપર કસ્બો છે એમાં સુન્ની વહોરાની વસ્તી વધારે છે. **કતારગામ**—કંતારેશ્વર મહાદેવના દહેરાને માટે તથા પાપડીને માટે પ્રખ્યાત છે. **ભાઠા, કુંભારીઆ, ઉમરા**—એમાં રામનાથ ઘેલાની જાત્રા ભરાય છે, **અમરોલી**—પહેલવહેલી રેલવે અહીં સુધી થઇ હતી. **કોસાડ, વરાછા**—અહીં પાણીની ટાંકી છે. **ફુલપાડા**—એ જાત્રાનું સ્થળ છે અહીં હિંદુ લોકો મુડદાં દાટે છે તથા બાળે છે. **ભીમપોર ને ડુમસ**—એ સચીનના નવાબના તાબામાં છે. એ બે હવાખાવાનાં ઠેકાણાં છે, **સચીન:**—એ નવાબ સાહેબની રાજધાનીનું મથક અને સ્ટેશન છે.

સ્ટેશન:—ઉતરાણ, ઉધના ને સચીન.

પેદાશ:—રૂ ને જુવાર.

વિશેષ હકીકત:—આ તાલુકો બધા કરતાં નાનો છે. આ તાલુકાની દક્ષિણમાં ગાયકવાડી રાજ્યમાં મરોલી સ્ટેશન છે.

ઓરપાડ તાલુકો.

સીમા:—ઉત્તરે-કીમ નદી; દક્ષિણે-તાપી નદી ને ચોર્યાસી તાલુકો; પૂર્વે-ગાયકવાડનું રાજ્ય; પશ્ચિમે-ખંભાતનો અખાત છે.

નદી:—કીમ ને તાપી. **ખાડી:**—સેના.

વસ્તી:—૬૨,૦૦૦ માણસની લગભગ છે.

મુખ્ય ગામો:—ઓરપાડ-સેના ખાડી પર તાલુકાનું મુખ્ય

+ વિશેષ હકીકત સુરત શહેરના ભૂગોળ શિક્ષકમાં જુઓ.

ગામ છે. અહીં મુન્સફ કોર્ટ છે. રાંદેરથી ઓરપાડ સુધી પાકી સડક છે. કુડસદ; ભગવા ને દાંડી—એ બે બંદરો છે. સુંવાલી—સુરતથી પશ્ચિમે બાર માઈલ પર બંદર છે. અહીં અંગ્રેજ, વલંદા ને ફ્રેંચના વહાણો લંગારતાં હતાં. સરસ—એમાં સિદ્ધનાથ મહાદેવની અને મોરા—એમાં કુવાની જાત્રા ભરાય છે. હજીરો—એ હવા ખાવાનું સ્થળ છે, અહીં દીવાદાંડી છે, ગામનું રૂડું છે. કીમ ને સાયણ—એમાં કપાસ લોઢવાના જીનો છે.

સ્ટેશન:—કીમ ને સાયણ.

પેદાશ:—રૂ, જુવાર ને કપાસ

વિશેષ હકીકત—આ તાલુકો બધાં તાલુકા કરતાં મોટો છે કાળી જમીન હોવાથી વરસાદ ઓછો પડે છે તેથી ડાંગરનો પાક થતો નથી. અને ઘઉં તથા કપાસનો પાક થાય છે.

માંડવી તાલુકો.

આ તાલુકાના સાત ટપા એટલે ભાગ કર્યા છે માંડવી, બહુધાન, પનાસ, દેવગઢ, ઝંખવાડા, કરેની અને બારગામ.

સીમા—ઉત્તરે-ગાયકવાડનું રાજ્ય, દક્ષિણે-તાપી નદી ને બારડોલી તાલુકો, પૂર્વે-રાજપીપળા સંસ્થાન, પશ્ચિમે-ગાયકવાડનું રાજ્ય છે.

નદી—તાપી અને એને મળનારી નેક.

વસ્તી:—૫[illegible],૦૦૦ માણસની લગભગ છે.

મુખ્ય ગામો—માંડવી-તાપી નદીપર તાલુકાનું મુખ્ય ગામ છે. એમાં હોસ્પિટાલ છે. *બહુધાન-તાપી નદીપર જાત્રાનું સ્થળ

* બહુધાન્ય ઉપરથી એ નામ પડ્યું.

છે. અહીં બાર બાર વરસે જાત્રા ભરાય છે ઘડોલી ને તડકેશ્વર.

પેદાશ--કોદરા, ડાંગર, જુવાર, રૂ ને દીવેલી.

વિશેષ હકીકત--ગાડવી, ચીખલી, વલસાડ ને પારડીમાં ચોધરા ને નાયકડાની વસ્તી છે તેઓ એ લોકો કોદરા ને નાગલી પકવે છે. જંગલને લીધે આ તાલુકાના પાણી ખરાબ છે.

વરેલી ગામ આગળ તાપીને અંદ નદી મળે છે. દેવગઢ તથા પાતાલમાં ડુંગરો આવેલા છે. અહીંના જંગલમાં વાઘ તથા રીંછ થાય છે ચોમાસામાં અશ્વિનીકુમારથી અડુંવાન સુધી નાની આગબોટ ફરે છે. નદી માર્ગે સુરત વાસ જાય છે.

બારડોલી તાલુકો

સીમા--ઉત્તરે-તાપી નદી ને માંડવી તાલુકો, પૂર્વે ગાયકવાડનું રાજ્ય, દક્ષિણે-પૂર્ણા નદી, ગાયકવાડનું રાજ્ય ને જલાલપોર તાલુકો, પશ્ચિમે-ગાયકવાડનું રાજ્ય છે

નદીઓ--તાપી, મિંઢોળા પૂર્ણા ને એને મળનારી જાંખરી.

વસ્તી--/૫૦૦૦ માણસની લગભગ છે.

મુખ્ય ગામો--બારડોલી--મિંઢોળા નદીપર તાલુકાનું મુખ્ય ગામ છે કડોદ--તાપી નદીપર છે એમાં પ્રમારની લાકડાનો વેપાર ચાલે છે સરભોણ, વાલોડ-જાંખરી નદીપર પેટમહાલ છે એમાં +મહાલકરી રહે છે મોતા, વરાડ, બુહારી-પૂર્ણા નદીપર છે ગામ, વાંકાનેર એમાં જાત સારી થાય છે, કુમચાવ.

રેલ્વે સ્ટેશન--બારડોલી, ટીમરવા ને મઢી.

પેદાશ--ડાંગર, જુવાર, કપાસ ને શેરડી

+ મામલતદારથી ઉતરતી પંક્તિનો અમલદાર.

જલાલપોર તાલુકો.

આ તાલુકો પૂર્ણા અને અંબિકા નદીની વચ્ચે આવેલો છે.

સીમા —ઉત્તરે-પૂર્ણા નદી, ગાયકવાડનું રાજ્ય ને બારડોલી તાલુકો, પૂર્વે-ગાયકવાડનું રાજ્ય, દક્ષિણે અંબિકા નદી ને ગણદેવી પરગણું, પશ્ચિમે-અરબી સમુદ્ર છે

નદી -પૂર્ણા ને અંબિકા, એ બને અરબી સમુદ્ર છે

ખાડી —કનાઇ વસ્તી - ૮૦,૦૦૦ માણસની લગભગ છે

મુખ્ય ગામો —જલાલપોર—પૂર્ણા નદીપર તાલુકનું મુખ્ય ગામ છે એની પૂર્વમા ગાયકવાડનો નવસારી કસ્બો છે ત્યાનો ગોળ વખણાય છે મટવાડ, કાલીઆવાડી-એમાં હોસ્પિતાલ છે. આઆમા. અમલસાડ, કછોલી, આટ, ખરસાડ, આટગામ, પનાર ને સીસોદરા-એમા કપાસ લોઢવાનો સંચો છે

સ્ટેશન —નવસારી વેડછા ને અમલસાડ

પેદાશ —જુવાર, ડાંગર, રૂ, તલ, શેરડી, અનનાસ, ફણસ, ને કેરી

વિશેષ હકીકત —અમલસાડની આજુબાજુના ગામની જમીન આખા ગુજરાતમા સૌથી વધારે રસાળ છે, આ તાલુકાની જમીન ઘણી રસાળ છે તેથી આ ત્રણેમાંથી વલસાડ તાલુકા સિવાય બીજા તાલુકા કરતા વસ્તી વધારે છે, તથા મોટા ગામો ઘણા છે. આ તાલુકામા કેરી, અનનાસ, ફણસ ને કેળા સારાં થાય છે

આ તાલુકાની દક્ષિણે અને ચીખલી તાલુકાની પશ્ચિમે ગાયકવાડી ગણદેવી પરગણું આવેલું છે ત્યાનો ગોળ વખણાય છે. બીલી મોરા જંકશન અને ગણદેવી સ્ટેશન છે. વાસણા, કેથા ને વેડછા સચીનના નવાબ સાહેબને તાબે છે.

ચીખલી તાલુકો.

સીમા --ઉત્તરે અંબિકા નદી ને ગણદેવી પરગણું, પૂર્વે-વાંસદાનું રાજ્ય, દક્ષિણે-ધરમપુરનું રાજ્ય, પશ્ચિમે ગણદેવી પરગણું ને વલસાડ તાલુકો છે.

નદી --અંબિકા અને એને મળનારી કાવેરી તથા ખરેરા.

વસ્તી --૬૦,૦૦૦ માણસની લગભગ છે.

મુખ્ય ગામો --ચીખલી કાવેરી નદીપર તાલુકાનું મુખ્ય ગામ છે દેગામ. ખેરગામ-એમાં હોસ્પિટાલ છે, આલીપોર ને ગણદેવા.

સ્ટેશન ---ચીખલી ને ગણદેવા

પેદાશ --ડાંગર, કોદરા, કેળાં ને શેરડી.

વિશેષ હકીકત --આ તાલુકાની પૂર્વે તરફ ગાયકવાડ, વાંસદા ને ધરમપોરના રાજ્યોની હદ મળે છે. ત્યાં આગળ વાંસદાની ઉત્તરે ૬ માઇલ પર અંબિકા નદીપર દેવકો ઉનાઇનો ઉના પાણીનો કુંડ છે, અહીં દર વરસે ચૈત્ર સુદ ૧૫ની જાત્રા ભરાય છે. ઉનાઇ સ્ટેશન છે.

વલસાડ તાલુકો.

આ તાલુકો અંબિકા ને પાર નદીની વચ્ચે આવેલો છે.

સીમા.—ઉત્તરે–અંબિકા નદી ને ગણદેવી પરગણું, પૂર્વે–ચીખલી તાલુકો ને ધરમપુરનું રાજ્ય, દક્ષિણે–પાર નદી, પશ્ચિમે–અરબીસમુદ્ર છે.

ડુંગરો.—ડુંગરી, પારનેરા એનાપર માતાનું દહેર છે.

નદી:—અંબિકા, કાવેરી, ખરેરા, ઔરંગા ને પાર.

વસ્તી·—૯૦,૦૦૦ માણસની લગભગ છે.

મુખ્ય ગામો:— વલસાડ-કાવેરી નદીપર તાલુકાનું મુખ્ય ગામ

તથા બંદર છે. આ બંદરેથી ઈમારતી ને બાળવાના લાકડાં, અનાજ ગોળ ને ઈંટ બહારગામ જાય છે છરવાડા, ભદેલી, માલવેણ, ઉંડાચ, બીગરી, કોસંબા-એમાં દીવાદાંડી છે. હરીઆ.

સ્ટેશન:—ડુંગરી ને વલસાડ.

પેદાશ:—ડાંગર, કોદરા, દીવેલી, નાગલી, ચણા, વાલ, કેરી ને કેળાં.

વિશેષ હકીકત:—વલસાડથી પશ્ચિમમાં બે મૈલપર તીથલ હવા ખાવાનું સ્થળ છે ડુંગરી સ્ટેશનથી પશ્ચિમમાં એક ગાઉ ઉપર ધારાસણામાં મીઠું પાકે છે. આ તાલુકામાં પાલન નામનું મોટું તળાવ છે. તેમાં કમળનાં ફૂલ, પોયણી ને શીંગોડાં પુષ્કળ થાય છે. અંબિકા ને ઓરંગા નદીના કાંઠાપરની જમીન વધારે રસાળ છે.

પારડી તાલુકો.

આ તાલુકો સુરત જિલ્લામાં સૌથી દક્ષિણમાં પાર ને દમણગંગા નદીની વચ્ચે આવેલો છે.

સીમા:—ઉત્તરે-પાર નદી, પૂર્વે-ધરમપુરનું રાજ્ય; દક્ષિણે-દમણગંગા નદી, ને પશ્ચિમે અરબી સમુદ્ર છે.

નદી:—પાર, કોલક, ને દમણગંગા. એ ત્રણે અરબી સમુદ્રને મળે છે. કોલક નદીના માછલાં વખણાય છે.

ખાડી:—કોથલ, એ પાર ને કોલક નદીની વચ્ચે આવેલી છે.

વસ્તી:—૫૮,૦૦૦ માણસની લગભગ છે.

મુખ્ય ગામો:—પારડી-પાર નદીપર તાલુકાનું મુખ્ય ગામ છે, બગવાડા-કોલક નદીપર છે અહીં કિલ્લો છે. કુંતા-એમાં દર વર્ષે કુંતેશ્વર મહાદેવની જાત્રા ભરાય છે. ઉદવાડા-પારસીઓનું

જવાનું ઠેકાણું છે. કોલક—કોલક નદીપર બંદર છે, ઉમરસાડી—પાર નદીપર બંદર છે.

સ્ટેશન:—પારડી, ઉદવાડા ને દમણ

પેદાશ:—આગર, કોદરા, દીવેલી, શેરડી, નાગલી, ચણા ને વાલ.

સુરત એજન્સિ.

સુરત જિલ્લાની પાસે આવેલા સચીન, વાંસદા, ધરમપુર અને ડાંગનું રાજ્ય સુરત એજન્સિને નામે ઓળખાય છે. સુરત જિલ્લાના કલેક્ટર આ ચારે નાનાં રાજ્યોના પોલિટિકલ એજન્ટ છે. આ એજન્સિનો વિસ્તાર સુરત જિલ્લા જેટલો છે, પણ વસ્તી સુરત જિલ્લાથી ત્રીજે ભાગે એટલે ૨,૮૦,૦૦૦ માણસની છે. વાંસદા. ધરમપુર અને ડાંગના મુલકો જંગલથી ભરપુર છે. સચીન સંસ્થાનની જમીન સપાટ ને રસાળ છે.

સચીનનું રાજ્ય.

આ રાજ્યના ગામો ચોર્યાસી તથા જલાલપોર તાલુકામાં છુટક છુટક આવેલા છે, સચીનના નવાબ જંજીરાના નવાબના વંશના છે. વિસ્તાર ૬૨ ચોરસ માઇલ છે, ને વસ્તી ૨૧,૦૦૦ માણસની છે.

મુખ્ય ગામો:—સચીન—એમાં નવાબ સાહેબનો મહેલ તથા તેમની કચેરી છે. એ રેલ્વે સ્ટેશન છે. ભીમપોર ને ડુમસ—દરીઆ કિનારા પર હવા ખાવાનાં ઠેકાણાં છે. લાજપોર એમાં મહેલ છે.

પેદાશ:—જુવાર, કપાસ, ડાંગર ને શેરડી.

વાંસદાનું રાજ્ય.

ચીખલી તાલુકાની પૂર્વમાં આવેલું છે. વિસ્તાર ૨૪૦ ચોરસ માઇલ છે પણ વસ્તી સચીનના રાજ્યથી બમણી છે.

સીમા:—ઉત્તરે—ગાયકવાડી રાજ્ય ને અંબિકા નદી; પૂર્વે—ગાયકવાડનું રાજ્ય ને ડાંગનું રાજ્ય; દક્ષિણે—ધરમપુરનું રાજ્ય ને નાશક જિલ્લો, પશ્ચિમે—ચીખલી તાલુકો છે.

નદી:—અંબિકા ને એને મળનારી કાવેરી.

મુખ્ય ગામો—વાંસદા બીલીમોરાથી પૂર્વે ૨૯ માઇલપર રાજધાનીનું મથક છે. વાંસદાના રાજા સોલંકી રજપુત છે. બીનાર, કાંબળા એ મોટા ગામ છે.

પેદાશ:—નાગલી, કોદરા, મહુડા, ખજુરા, ઇમારતી લાકડું ને સીસમ

ધરમપુરનું રાજ્ય.

આ રાજ્ય વાંસદાના રાજ્યની દક્ષિણે આવેલું છે વિસ્તાર ૮૦૦ ચોરસ માઇલ છે, પણ વસ્તી સચીનના રાજ્યથી પાંચ ગણી છે. કાળીપરજની વસ્તી વધારે છે ડુંગરો ને જંગલો ઘણાં છે તેથી હવા ખરાબ છે

સીમા:—ઉત્તરે-ચીખલી તાલુકો ને વાંસદાનું રાજ્ય; પૂર્વે—પેંઠ ને સુરગણાનો મુલક, દક્ષિણે-પેંઠ, દમણ ને થાણા, પશ્ચિમે—વલસાડ ને પારડી તાલુકા છે

નદી:—અંબિકા, ઔરંગા, વાંકી, પાર, કોલક ને દમણગંગા.

મુખ્ય ગામો:—ધરમપુર (રામનગર)—વલસાડથી પૂર્વે ૧૮ માઇલપર રાજધાનીનું મથક છે ધરમપુરના રાણા સીસોદીઆ રજપુત છે. રૂપલા, આબાવાણી ને મોડથળ મોટાં ગામ છે.

પેદાશ:—ભાત, નાગલી ને ઇમારતી લાકડું.

ડાંગનું રાજ્ય.

એ સહ્યાદ્રિ પર્વતની પશ્ચિમે આવેલું છે. વિસ્તાર ૬૬૦ ચોરસ માઇલ છે, પણ વસ્તી સચીનના રાજ્યથી પોણી છે. ભીલની વસ્તી વધારે છે. એના પર ભીલ સરદારોનો અમલ છે. એમાં પર્વતો અને ખીણો છે ને તેમાં ઘણું ઠેકાણે ગાઢાં જંગલો છે.

મુખ્ય ગામ:—ડાંગ–એ રાજધાનીનું મથક છે.

પેદાશ:—જુવાર, બાજરી, બટાટા, ઘઉં ને સાગ

પુનરાવર્તન.

સ. ૧. સુરત જિલ્લામાં આવેલાં બંદરો અનુક્રમે ગણાવો.

સ. ૨. સુરત જિલ્લાના મોટામાં મોટો અને નાનામાં નાનો કયો તાલુકો છે?

સ. ૩. સુરત જિલ્લામાં આવેલાં જાત્રાનાં ઠેકાણાં કહો.

સ. ૪. સુરત જિલ્લામાં જ્યારે રેલવે નહોતી ત્યારે વેપાર શી રીતે ચાલતો હતો?

સ. ૫. જાત્રાથી શો લાભ?

સ. ૬. ગામની હવા શહેરના કરતાં સારી હોવાના કારણો ગણાવો.

સ. ૭. સુરત જિલ્લાની પાસે કઇ એજન્સિ આવેલી છે? એ એજન્સિમાં કયાં કયાં રાજ્યો આવેલાં છે? અને તેમાં સૌથી મોટું રાજ્ય કયું છે?

સ. ૮. સુરત જિલ્લામાં જંગલો ક્યાં ક્યાં છે? ને તેમાં શી પેદાશ થાય છે?

સ. ૯. સુરત જિલ્લાના લોકો શરીરે મજબુત નથી તેનું કારણ શું?

સ. ૧૦. સુરત જિલ્લાની મુખ્ય નદીઓ ગણાવો.

સ. ૧૧. નીચેની જગાઓ શું છે ? ક્યાં છે ? શાને માટે પ્રખ્યાત છે ? સુરત, ડુમસ, તીથલ. હજીરા, બહુધાન, બારડોલી, ઉંબરગામ, વલસાડ, ધરાસણા, ઉદવાડા, નવસારી.

સ. ૧૨. સુરત, બહુધાન, કોસંબ, કમણ, ચીખલી, ઓલપાડ, માંડવી, ઉનાઈ એ કઈ નદીપર છે ?

સ. ૧૩. તાપી, મિંઢોળા, પૂર્ણા, અંબિકા, ઔરંગા, ને કીમ નદીપર આવેલાં ગામો ગણાવો.

સ. ૧૪. પૂર્વમાંથી પશ્ચિમમાં વહેનારી નદીઓ ગણાવો

સ ૧૫. તમે જે જિલ્લામાં રહો છો તેમાં કયા કયા તાલુકા છે ? અને તે તાલુકાઓ તમારા તાલુકાથી કઇ દિશામાં છે ?

સ. ૧૬. ઓલપાડ, માંડવી, બારડોલી, વાલોડ, જલાલપોર, નવસારી, બીલીમોરા, વલસાડ, વાંસદા, ઉનાઈ, ઉદવાડા એ સુરતથી કઈ દિશામાં છે ?

સ. ૧૭. પારસી લોકોનુ જાત્રાનું ઠેકાણું કયું અને તે ક્યાં આવ્યું ?

સ. ૧૮. સુરત જિલ્લાના કયા કયા તાલુકા દરીયા કિનારે આવેલા છે?

સ. ૧૯. પારડી ને માંડવી તાલુકાની હવા સારી ન હોવાનું કારણ શું ?

સ. ૨૦. સુરતથી ઉદવાડા જતા ક્યાં ક્યાં સ્ટેશનો અને જંકશનો આવે તે અનુક્રમે ગણાવો.

સ. ૨૧. સુરત જિલ્લામાં કઇ કઇ રેલવે આવેલી છે ?

સ. ૨૨. સુરત જિલ્લાના કયા તાલુકામાં રેલવે નથી ? કયા કયા તાલુકામાં ડુંગરો છે ?

સ. ૨૩. ઉમરસાડી બંદરથી વહાણમાં બેસી દાંડી જતાં વચમાં કઈ કઈ નદીઓના મુખ તથા બંદરો આવે ?

સ. ૨૪. તમે જે તાલુકામા રહો છો તેમાં ક્યાં મોટાં ગામો, નદીઓ ને સ્ટેશન છે ?

સ. ૨૫. માંડવી ને વરીઆવ, એ બેમાં કયું ગામ ઉંચી જગા પર છે ? અને તે તમે શા આધારે કહો છો.

સ. ૨૬. સુરત જિલ્લામાંથી ક્યા ક્યા ખનીજ પદાર્થ નીકળે છે ?

સ. ૨૭. સુરત જિલ્લામાં કયો કયો પાક થાય છે ?

સ. ૨૮. સુરત કરતાં પારડીમાં વધારે વરસાદ પડવાનું કારણ શું ?

સ. ૨૯. કાળી જમનીમા કયો કયો પાક સારો થાય ?

સ. ૩૦. સુરત જિલ્લાની નિકાસ તથા આયાત ગણાવો.

સ. ૩૧. સુરત જિલ્લામાં મુખ્ય કયાં કયા ખાતાં છે ? ને તેના મુખ્ય અમલદાર કયા કયા ?

સ. ૩૨. રાંદેર, તડકેશ્વર, બીલીમોરા, ચીખલી, ઓરપાડ હજીરો, વલસાડ, માંડવી, તીથલ, જલાલપોર, અમલસાડ, કડોદ, નવસારી એ નકશામાં બતાવો, અને બારડોલીથી કેટલે અંતરે છે તે ભરીને કહો. (સૂચના–સ્કેલની સમજ આપ્યા પછી આ પ્રશ્ન પૂછવો)

સ. ૩૩. સુરત જિલ્લાના દરેક તાલુકાના મોટાં મોટાં બબ્બે ગામ અને નદીઓ લખો.

સ. ૩૪. તાપી, મિંઢોળા, પૂર્ણા, અંબિકા નદી કયા કયા તાલુકામાં આવી છે ?

સ. ૩૫. ચીખલી તાલુકાની પૂર્વમાં કયું દેશી રાજ્ય છે ? ધરમપુરની ઉત્તરમાં કયું દેશી રાજ્ય છે ?

સ. ૩૬. સુરત જિલ્લાના કયા તાલુકામાં મુસલમાની રાજ્ય છે ?

સ. ૩૭. કલેક્ટર, પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ, ડિસ્ટ્રિક્ટ જડજ, સિવિલ સર્જન, એક્ઝિક્યુટિવ ઈજનેર, ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરનાં નામ કહો.

સ. ૩૮. નાગલી અને કોદરાનો પાક કયા કયા તાલુકામાં થાય છે અને તે ઉપરથી તમે શું અનુમાન કરો છો ?

સ. ૩૯ સુરત જિલ્લામાં દીવાદાંડી ક્યાં ક્યાં છે ?

સ. ૪૦ કતારગામ, પારનેરા, ગણદેવી, ચીખલી, કડોદ, સરસ, જલાલપોર, દાંડી, સચીન, વાલોડ શું છે ? ક્યાં છે ? શાને માટે પ્રખ્યાત છે ?

સ. ૪૧. પારડી તાલુકો દરીઆ કિનારે હોવા છતાં હવા સારી નથી તેનું કારણ સમજાવો.

સ. ૪૨. સુરત જિલ્લામાં મ્યુનિસિપાલીટી ક્યાં ક્યાં છે ? હોસ્પિટાલો કેટલી છે અને તે કયા કયા ગામોમાં છે ? મુન્સફની કચેરી ક્યાં ક્યાં છે ને કેટલી છે ?

સ. ૪૩ સુરત, વલસાડ ને બીલીમોરામાં વધારે વસ્તી હોવાનું કારણ શું?

સ ૪૪. સુરતથી પાકી સડકને રસ્તે વાંસદા જવું હોય તો રસ્તામાં ક્યાં ક્યાં મોટાં ગામ આવે ?

સ. ૪૫. કયા કયા તાલુકાની હવા તંદુરસ્ત છે ?

સ. ૪૬. સુરત જિલ્લાના કલેક્ટર સાહેબને કયા કયા હોદ્દા છે ?

સ. ૪૭. વલસાડ ને જલાલપોર તાલુકામાં વસ્તી વધારે હોવાનું કારણ સમજાવો.

સ. ૪૮. [illegible] તાલુકામાં બાગી જમીન છતાં ડાંગર કેમ થતી નથી?

સ. ૪૯. નીચેની જગાઓ નકશાના ખોખામાં પૂરો.

સુરત, ધરમપુર, જલાલપોર, રાંદેર. વાંસદા, નવસારી, સચીન, ઉનાઇ, બીલીમોરા, ડુમસ, ઉમરસાડી, અમલસાડ, બીમપોર, કોલક, નીસોદરા, ઓરપાડ, ચીખલી, સુંવાલી, ઉદવાડા, પેરગામ, હજીરા. કુતા, વાલોડ, મોરા, કડોદ, સરસ, બાર-ડોલી, તડકેશ્વર, બહુધાન.

સ. ૫૦. કાંઠાના લોકોનો મુખ્ય ધંધો કયો છે ?

સ. ૫૧ કીમ સ્ટેશનથી આગગાડીમાં બેસી દમણ જતાં વચમાં કઇ કઇ નદીઓ આવે તે અનુક્રમે ગણાવો.

સ. ૫૨. તમારા જિલ્લાના જે તાલુકામાં રેલ્વે નથી, તે તાલુકામાં જવાનું સ્થળ કયું છે ?

સ ૫૩. ઓરપાડથી ઉમરસાડી જવું છે તો કયે રસ્તે જશો ?

સ. ૫૪. નકશામાં રેલને અને પાકી સડક શી રીતે ઓળખાય ?

સ. ૫૫ નકશામા નીચેની જગા બતાવો.

સુરત, વલસાડ, માંડવી, જલાલપોર, ચીખલી, ઉદવાડા બહુધાન, ઓરપાડ, તડકેશ્વર, બીલીમોરા, ઉમરસાડી બારડોલી કડોદ, અમલસાડ તીથલ, હજીરા

સ. ૫૬. દેવકી ઉનાઇના કુંડનું પાણી ઉનું શા કારણથી હશે?

સ. ૫૭. સુરત જિલ્લામાં ક્યાંની જમીન વધારે રસાળ છે ?

સમાપ્ત.

વાંચો ચોપડીનો "ડિકટેશન શિક્ષક" સારુ આવૃત્તિ.

બીજા ધોરણ માટે [redacted] અનુભવ સિદ્ધ.

"અંકગણિતનાં મનોયત્ન"

અદ્યાપિ બહાર ન પડેલી એવી

પ્રશ્નોત્તરમાળા.

ગુજરાતની સામાન્ય ભૂગોળની ત્રણ આના.
મુંબઈ ઇલાકાની ભૂગોળની સાડા ચાર આના.
હિંદુસ્તાનની સામાન્ય ભૂગોળની બાર આના.

દરેક ધોરણના

"મુખગણિત શિક્ષક" તૈયાર છે.

"ડિકટેશન શિક્ષક."

બાળપોથીથી પાંચમા સુધીનો તૈયાર છે.

પત્ર વ્યવહાર નીચેને સરનામે કરવો.

છગનલાલ મોતીરામ શાહ.
"મુખગણિત શિક્ષક"ના કર્તા.
શાહપોર સુરત.

[illegible] [illegible] નારણદાસ [illegible] સુરત.